# એક ભારત શ્રેષ્ઠ ભારત

## અહેવાલ

EK BHARAT SHRESHTHA BHARAT

एक भारत श्रेष्ठ भारत

શાળાનું નામ

તાલુકો-

જીલ્લો-

શિક્ષણ સાગર

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

# વર્ષ ૨૦૨૨-૨૩

અત્રેની શાળામાં આ કાર્યક્રમ અંતર્ગત તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની જોડી બનાવી, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સંસ્કૃતિ, પરંપરાઓ અને પ્રણાલીના આદાન - પ્રદાન દ્વારા રાજ્યો વચ્ચેની સમજૂતી અને સંબંધ વધારવા માટેનું આયોજન થયેલ છે, જેથી ભારતની વિવિધતામાં એકતાની ભાવનાને મજબૂત બનાવી શકાય. 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ માટે ગુજરાત રાજ્યનું ટ્વીનીંગ છત્તીસગઢ રાજ્ય સાથે કરવામાં આવેલ છે. એટલે અમારી શાળામાં છત્તીસગઢ રાજ્યનો ઈતિહાસ, ભૂગોળ, સંસ્કૃતિ, પર્યાવરણ , ભાષા, પહેરવેશ, સાંસ્કૃતિક વારસો વગેરે બાબતોથી અમારી શાળાના વિદ્યાર્થીઓ" પરિચિત થાય તે હેતુ સાથે અલગ - અલગ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી.

"એક ભારત શ્રેષ્ઠ ભારત" કાર્યક્રમ સમગ્ર દેશભરમાં યોજાઈ રહ્યો છે . જેનો ઉમદા હેતુ બાળકોમાં દેશના જુદા - જુદા રાજ્યોની સાંસ્કૃતિક, સાહિત્યિક, ભૌગોલિક, ઐતિહાસિક, સામાજિક વગેરે જેવી ભિન્ન ભિન્ન બાબતો વિષે જાણે અને સમજ કેળવે તથા એક-બીજાની સંસ્કૃતી પ્રત્યે આદરભાવ કેળવે . "એક ભારત શ્રેષ્ઠ ભારત" કાર્યક્રમ અન્વયે ગુજરાત રાજ્યનું છત્તીસગઢ રાજ્ય સાથે જોડાણ થયેલ છે.

## ઉદ્દેશો :

- દેશની વિવિધતામાં એકતાને સિદ્ધ કરવા અને દેશના લોકો વચ્ચે પરંપરાગત રીતે પ્રવર્તિત - ભાવનાત્મક બંધનોના જોડાણને જાળવવા અને તેને મજબૂત બનાવવા.

# વર્ષ ૨૦૨૨-૨૩

- તમામ ભારતીય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે સમગ્ર વર્ષ દરમિયાન ઉંડાણપૂર્વક અને ચોક્કસ માળખા સાથેના જોડાણ દ્વારા રાષ્ટ્રીય એકતાની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે.
- ભારતની વિવિધતાને સમજવા અને કદર કરવા માટે સક્ષમ બનાવવા માટે અને તેનો સમૃદ્ધ વારસો અને સંસ્કૃતિ, રિવાજો અને બંને રાજ્યની પરંપરાઓથી અવગત કરાવવા અને આ રીતે સામાન્ય ઓળખની ભાવનાને પ્રોત્સાહન આપવું.
- લાંબા ગાળાના સબંધો સ્થાપિત કરવા અને, - શ્રેષ્ઠ સેવાઓ અને અનુભવોનું આદાન પ્રદાન કરી રાજ્યો વચ્ચે પરસ્પર એકબીજાને જાણવાના, માહોલને પ્રોત્સાહન આપતું વાતાવરણ બનાવવું.

- શાળા કક્ષાએ નિબંધ સ્પર્ધા, ચર્ચા, ભાગીદાર રાજ્ય પર પ્રોજેક્ટ વર્ક/પ્રવૃત્તિ કાર્ય, સાંસ્કૃતિક સ્પર્ધા-લોકગીત, કળા, ચિત્ર વગેરેનું આયોજન કરવામાં આવ્યું.
- તેમજ ભાગ લેનાર અને વિજેતા થનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યું.
- એકતા પ્રતિજ્ઞા, સંસ્કૃતિ, રીતરિવાજો, પહેરવેશ, કૃષિ, આબોહવા પર પ્રોજેક્ટ અને વિડિયો કોન્ફરન્સિંગ. વિદ્યાર્થીઓમાં જળ સંરક્ષણની શ્રેષ્ઠ પદ્ધતિઓ અંગે સમજ આપી.

- આ કાર્યક્રમના અમલીકરણ માટે નિબંધ સ્પર્ધા, ચર્ચા, ભાગીદાર રાજ્ય પર પ્રોજેક્ટ વર્ક, સાંસ્કૃતિક સ્પર્ધા-લોકગીત, કળા, ચિત્ર વગેરેનું પણ આયોજન કરવામાં આવ્યું.
- વિદ્યાર્થીઓને ભાગીદાર રાજ્ય વિશે મહત્વપૂર્ણ તથ્યો અને અન્ય મહત્વપૂર્ણ અને રસપ્રદ માહિતી પ્રદાન કરવા માટે એક માહિતી પુસ્તિકા તૈયાર કરી વિદ્યાર્થીઓને આપી. જેમાં ગુજરાત અને છત્તીસગઢ રાજ્યની વિવિધતા સભર બાબતોનો સમાવેશ કર્યો.
- વિદ્યાર્થીઓ માટે "એક ભારત શ્રેષ્ઠ ભારત" હેઠળ વિવિધ પ્રવૃત્તિઓને આવરી લેતી પ્રવૃત્તિ પુસ્તિકા બાળકોને આપી. જેમાં બંને રાજ્યની ભૌગોલિક, સાંસ્કૃતિક, ભાષાકીય બાબતો, ભાષા/બોલી, પહેરવેશ, રીતરીવાજો, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, ભાગીદાર રાજ્ય પર પ્રોજેક્ટ વર્ક, સાંસ્કૃતિક કાર્યક્રમ, વેશભૂષા, લોકગીત, વિવિધ સ્થળો, પાક, નદીઓ, પર્વતો, શહેરો જેવી અનેક બાબતો જાણે જેથી વિદ્યાર્થીઓ બંને રાજ્યની બાબતોથી અવગત થાય.

વિદ્યાર્થીઓ માટે "એક ભારત શ્રેષ્ઠ ભારત" હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ અને લેખન કરેલ બાબતોને સંગ્રહિત કરી શકાય તે મુજબ પોર્ટફોલિયો બનાવ્યો. કોવિડ -19 દરમિયાન વિદ્યાર્થીઓની સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને પ્રવૃત્તિઓનું આયોજન કર્યું. સરકારશ્રીની

ગાઈડલાઈન્સ અનુસરીને "એક ભારત શ્રેષ્ઠ ભારત" ની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી.

વિદ્યાર્થીને ઈનામ, પ્રોત્સાહન/પ્રમાણપત્ર, પ્રવૃત્તિ મટીરીયલ, સાધન સામગ્રી, માહિતી પુસ્તિકા નિર્માણ, પોર્ટફોલિયો જેવી ઉપરોક્ત સૂચવેલ બાબતો અર્થે ખર્ચ કરવામાં આવ્યો. જરૂરિયાત મુજબ ડોક્યુમેન્ટ , માહિતી અને ફોટોગ્રાફ્સ શાળા કક્ષાએ નિભાવવામાં આવ્યા.

## છત્તીસગઢ ઈતિહાસ, સંસ્કૃતિ અને ભૂગોળ

છત્તીસગઢ મધ્ય પ્રદેશમાંથી વિભાજીત થયેલું ભારતનું એક રાજ્ય છે. તેની સ્થાપના નવેમ્બર ૧, 2000ના રોજ કરવામાં આવી હતી. રાયપુર (છત્તીસગઢ) તેનું પાટનગર છે. કહેવાય છે કે એક સમયે છત્તીસગઢમાં ૩૬ કિલ્લાઓ આવેલ હતા જેથી તેનું નામ છત્તીસગઢ પડ્યું હતું.

### અધિકૃત ભાષા : છત્તીસગઢી

છત્તીસગઢ ભારત દેશના મધ્ય ભાગમાં આવેલું મહત્વનું રાજ્ય છે. આ રાજ્યનો મોટો વિસ્તાર ગાઢ જંગલોથી ભરપૂર છે, જેમાં મોટેભાગે આદિવાસીઓ વસવાટ કરે છે. આદિવાસી સંસ્કૃતિના રીતરીવાજો અનોખા હોય છે.



અહીંયા છત્તીસગઢના આદિવાસીઓના દેવદેવતા, કે જેમની પુજા વર્ષોથી પરંપરાગત રીતે કરવામાં આવે છે,

દેવારોમાં લોક દેવીદેવતાઓના સંદર્ભમાં એક ખાસ બાબત નામ ફેરફારને લગતી જોવા મળે છે. એક જ આરાધ્ય દેવ અલગ અલગ સમય, પ્રસંગ તેમ જ સંદર્ભોમાં વીવીધ પરિચયથી પૂજાય છે. ખૈરાગઢિયા દેવને ઘરની બહાર પરંપરાગત પવિત્ર વિધિ કરી લઈ જવામાં આવે છે. જ્યારે આ દેવતાની પુજા ઘરની બહાર કરવામાં આવે છે તે સમયે એમને બૈરાસૂ કહેવાય છે. આ જ દેવતાની ઘરની અંદર આરાધના કરતી વેળાએ બીજું નામ આપવામાં આવે છે. ત્યારબાદ આ નવા પરિચયથી એમની અર્ચના કરવામાં આવે છે. દેવારોમાં અન્ય બીજા કુળ કે ગૌત્રના વાહકો એમને ગોસાઈ-પોસાઈના નામથી આરાધના કરે છે. માંગલિક પ્રસંગોની જેમ જ અનુષ્ઠાનિક ક્રિયાકરમના પ્રસંગોમાં પણ બલિ ચઢાવવાનો રિવાજ અનિવાર્ય છે.જેટલા દેવીદેવતાઓની પુજા હોય, એમની પસંદ અનુસાર બલિ ચઢાવી કાર્ય સંપન્ન કરવામાં આવે છે. અમુક ખાસ પૂજા અથવા દેવીદેવતાઓની અર્ચના વખતે મહીલાઓ સામેલ થતી નથી. માત્ર પુરુષવર્ગ જ આ વખતે પુજામાં ભાગ લે છે.





<u>છત્તીસગઢ</u> <u>ભારત</u> દેશના મધ્ય ભાગમાં આવેલું રાજ્ય છે. તેનું પાટનગર રાયપુર છે. આ રાજ્યનો લગભગ આખોય પ્રદેશ જંગલોથી છવાયેલો છે.

## ઉપરાંત નીચેની પ્રવૃત્તિઓ કરાવી.

(૧) પ્રાર્થના સભામાં સહભાગી રાજ્યની ભાષા (છત્તીસગઢની ભાષા છત્તીસગઢી હિન્દી દેવનાગરી લિપીને મળતી આવે છે) નાં શબ્દો, વાક્યો બાળકોને બોલવામાં આવ્યા.

(૨) શાળામાં માસમાં એક વખત સહભાગી રાજ્યની ભાષામાં બાળકો વાત-ચીત કરે એવો પ્રયાસ કરવામાં આવ્યો.

(3) અમારી શાળામાં સહભાગી રાજ્યના સ્થાપના દિવસ (૧લી નવેમ્બર) ની ઉજવણી કરવામાં આવી.

## સમગ્ર કાર્યક્રમ દરમિયાન ધ્યાનમાં રાખવાની બાબતો :

• વિદ્યાર્થીઓને મહત્વપૂર્ણ વાસ્તવિકતાઓ અને સહભાગી રાજ્ય વિશેની અન્ય મહત્વપૂર્ણ અને રસપ્રદ માહિતીની સમજ આપી “એક ભારત શ્રેષ્ઠ ભારત” નોટબુકમાં નોંધ કરાવવામાં આવી.

• વિદ્યાર્થીઓએ તૈયાર કરેલી નોટબુકના આધારે તેમનું મૂલ્યાંકન કરવામાં આવ્યું.

આમ અમારી શાળામાં 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો.






| “એક ભારત શ્રેષ્ઠ ભારત” કાર્યક્રમ | | | |
|---|---|---|---|
| ધોરણ | બાળકોની કુલ સંખ્યા | ભાગ લીધેલ બાળકોની સંખ્યા | કાર્યક્રમ અંતર્ગત બાળકોને આપેલ સાહિત્ય |
| ધોરણ – ૬ | | | |
| ધોરણ – ૭ | | | |
| ધોરણ – ૮ | | | |

શિક્ષણ સાગર

# એક ભારત શ્રેષ્ઠ ભારત

# પરિચય બુક ડાઉનલોડ કરો.

- એક પરિચય
- ગુજરાતનો નકશો અને ભૌગોલિકતા
- છત્તીસગઢનો નકશો અને ભૌગોલિકતા
- ગુજરાત વિષે માહિતી
- છત્તીસગઢ રાજ્યની ઐતિહાસિક બાબતો
- છત્તીસગઢ વિષે માહિતી
- બંને રાજ્યો વિષે વિગતમાં
- ગુજરાતનો નકશો
- છત્તીસગઢનો નકશો
- ગુજરાતનો કોરો નકશો
- છત્તીસગઢનો કોરો નકશો
- કસોટી 30 પ્રશ્નોની




**CLICK HERE**

# SHIKSHAN SAGAR
## ( શિક્ષણ સાગર )
## એપ્લીકેશન ની વિશેષતા

શિક્ષણ સાગર
shikshansagar.com
The King of Education

આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .


૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .


અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP

શિક્ષણ સાગર
shikshansagar.com
The King of Education

વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .


અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION